પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૬ | ૧૭ માર્ચ, ૨૦૧૯, રવિવાર; ફાગણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### જૂનમાં જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી

જમ્મુ-કાશ્મીરમાં ખૂબ ઝડપથી વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે. આ સંબંધમાં ચૂંટણી આયોગે ગૃહ મંત્રાલય અને રાજ્ય પ્રશાસનને જાણ કરી છે કે આગામી જૂન માસમાં રાજ્યમાં ચૂંટણી યોજાઈ શકે છે.

### જમ્મુ-કાશ્મીરમાં મહિલા પોલીસ અધિકારીની હત્યા

મહિલા પોલીસ અધિકારી ખુશ્બુ જનની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. આતંકી હત્યારાઓએ મહિલા અધિકારીના ઘરની બહાર જ ઘટનાને અંજામ આપ્યો હતો.

### ઝિમ્બાબ્વેમાં ભારે ચક્રવાત

ઝિમ્બાબ્વેના પૂર્વ વિસ્તારમાં ચક્રવાત 'ઈડાઈ'ના કારણે ઓછામાં ઓછા ૨૪ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા છે. જ્યારે કેટલાય લોકો લાપત્તા છે. તોફાનના કારણે ઝિમ્બાબ્વે ઉપરાંત મોઝામ્બિકમાં પણ ઘણુ નુકશાન થયુ છે.

### ભાજપના વધુ બે સાંસદોએ પાર્ટી છોડી

લોકસભાની ચૂંટણી પહેલા નેતાઓની દળ બદલવાની પ્રવૃતિ તેજ બની ગઈ છે. આ સીલસીલામાં અસમના તેજપુરના ભાજપના સાંસદ રામપ્રસાદ શર્માએ પાર્ટી છોડી દીધી છે. તો ઉત્તરપ્રદેશમાં પ્રયાગરાજના સાંસદ શ્યામાચરણ ગુપ્તાએ ભાજપમાંથી રાજીનામુ આપી દીધુ છે. તેઓ હવે સમાજવાદી પાર્ટીની સાથે જોડાઈ શકે છે.

# મસૂદને વૈશ્વિક આતંકી જાહેર કરવા ત્રણ મહાશક્તિ મેદાનમાં

**ચીનને મનાવવામાં લાગ્યા અમેરિકા, ફ્રાંસ અને બ્રિટન : ટૂંક સમયમાં મસૂદ મુદ્દે નવો વળાંક આવે તેવી શક્યતા, જો ચીન ટેકો નહીં આપે તો અન્ય પદ્ધતિઓ અપનાવાશે**



વૉશિંગ્ટન,તા.૧૬

જૈશ-એ-મોહમ્મદના આતંકી મસૂદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવાની પહેલ ફરી શરૂ કરવામાં આવી છે. અહેવાલો છે કે આ બાબતમાં અમેરિકા, ફ્રાંસ અને બ્રિટને ચીન સાથે વાતચીત કરી છે. આ વાતચીતમાં, સુરક્ષા પરિષદના ત્રણ સભ્ય દેશોએ મસૂદ અઝહર સામે ચીન સાથે સમાધાન કરવાનો પ્રયાસ કર્યો છે. માનવામાં આવી રહ્યું છે કે આ વાતચીત સારી રહી હતી અને ટૂંક સમયમાં આ કિસ્સામાં એક નવો વળાંક આવી શકે છે.

ભારતે ચીનના આ વલણ ઉપર નિરાશા વ્યક્ત કરી હતી. યુએસએ ચેતવણી આપતા કહ્યું હતું કે જો ચીન અમને ટેકો નહીં આપે, તો અમે અન્ય પદ્ધતિઓ અપનાવીશું. જોકે સિક્યુરિટી કાઉન્સિલ સમિતિની આંતરિક ચર્ચાઓ ગોપનીય રાખવામાં આવે છે, પરંતુ આ સમયે આતંકવાદીઓને બચાવવા માટે ચીનનું અનુચિત દ્રષ્ટિકોણથી નારાજ પરિષદના અનેક સભ્યોએ

● અનુસંધાન પાન-૭ પર

# પીએમ કિસાન યોજના અંગે ચૂંટણી પંચના અભિપ્રાયો લેવાયા

**આચારસંહિતાના ભાગરૂપે સ્કીમ પર બ્રેક મુકાશે તો બિન ભાજપ શાસિત રાજ્યોમાં ખેડુતોને લાભ હાલ મળશે નહીં**

નવી દિલ્હી, તા. ૧૬

પીએમ કિસાન સ્કીમને લઈને સરકારે ચુંટણી પંચ પાસેથી અભિપ્રાય માંગ્યા છે. આ સ્કીમ હેઠળ ભાજપ શાસિત રાજ્યો દ્વારા નાના અને મધ્ય ખેડુતોના નામ મોકલવામાં અન્ય રાજ્યો કરતા વધારે લીડ મેળવી લીધી છે. આચારસંહિતાના ભંગને લઈને વધુ માહિતી સરકાર દ્વારા મેળવવામાં આવી છે. પીએમ કિસાન સ્કીમ હેઠળ જુદા જુદા રાજ્યોમાં મોટી સંખ્યામાં ખેડુતોના બેન્ક ખાતામાં નાણા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. હજુ સુધી ૫૫૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવી ચુક્યા છે.

જ્યારે લાભ મેળવી ચુકેલા ખેડુતોની સંખ્યા ૨૭.૬ મિલિયનની આસપાસ નોંધાઈ છે. ૧૨મી માર્ચના આંકડા આ મુજબની વાત કરે છે. કેટલાક રાજ્યો અને ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં ખેડુતોના ખાતામાં લાભ ઝડપથી પહોંચ્યા છે. અગ્રણી રાજ્યોની વાત કરવામાં આવે તો ઉત્તરપ્રદેશમાં ૧૦૨૭૧૨૪૬ ખેડુતોને લાભ મળી ચુક્યો છે. આ ખેડુતોના ખાતામાં ૫૦૫૪૨૪૯૨૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવી ચુક્યા છે.

## ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી ખંડૂરીના પુત્ર મનીષ કોંગ્રેસમાં જોડાયા

ઉત્તરાખંડનાં પૂર્વ મુખ્યમંત્રી બીસી ખંડૂરીના પુત્ર મનીષ શનિવારે કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. તેમણે દેહરાદૂનમાં રાહુલગાંધીની રેલીમાં જ તેઓ પક્ષમાં જોડાયા છે. તો બીજી બાજુ કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીનો યુપી પ્રવાસ ચોથી વખત રદ થયો છે. તેઓ ૧૮-૨૦ માર્ચ સુધી ત્રણ દિવસના પ્રવાસમાં પ્રયાગરાજથી વારાણસી મોટર બોટથી જવાના હતા. આ અંગે યુપીનાં પ્રદેશ અધ્યક્ષ રાજ બબ્બરે કહ્યું કે, આ અંગે હજુ સુધી કોઈ કાર્યક્રમ નક્કી કરાયો નથી.

# ૨૦૧૪ના 'ચાવાળા' મોદી ૨૦૧૯માં બન્યા 'ચોકીદાર'

**ભાજપે 'મેં ભી ચોકીદાર અભિયાન' થકી લોકસભા ચૂંટણીનું બ્યૂગલ ફૂંક્યુ : વડાપ્રધાન મોદીએ પોતાના ટ્વિટર હેન્ડલ પર વીડિયો રજૂ કરી કેન્દ્ર સરકારના કાર્યોનો ઉલ્લેખ કર્યો : વડાપ્રધાને ૩૧ માર્ચે ચોકીદાર મુહિમની સાથે જોડાવવા આહ્વાન કર્યું**

ન્યુ દિલ્હી,તા.૧૬

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ લોકસભા ચૂંટણીનો ખૂબ જ આક્રમક અંદાજમાં પ્રચાર શરૂ કરી દીધો છે. પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના ટ્વિટર હેન્ડલ પરથી એક વીડિયો રજૂ કરી 'મેં ભી ચોકીદાર' મુહિમની શરૂઆત કરી છે. આ વીડિયોમાં કેન્દ્ર સરકારના કાર્યનો ઉલ્લેખ કર્યો છે. વીડિયોના અંતમાં ૩૧મી માર્ચના રોજ સાંજે ૬ વાગ્યે પીએમ મોદી સાથે જોડાવાનું આહ્વાન કર્યું છે.

જ્યારે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાયુ ત્યારે ભાજપ તરફથી ચા વાળાના નારાને આખા દેશમાં ગૂંજતો કરવામાં આવ્યો હતો. અને ત્યારના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ દેશભરમાં ચૂંટણી સભાઓમાં 'એક ચાવાળો' સંબોધનથી વિપક્ષ પર આક્રમક પ્રહારો કર્યા હતા. ત્યારે હવે ૨૦૧૯ની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યુ છે ત્યારે ભાજપે નવો નવો મેં ભી ચોકીદારની શરુઆત કરી છે.

પીએમે ટ્વીટ કરી કહ્યું , 'તમારો ચોકીદાર ડગ્યા વગર ઉભો છે અને દેશની સેવા કરી રહ્યો છે. પરંતુ અહીં હું એકલો નથી. દરેક વ્યક્તિને ભ્રષ્ટાચાર, ગંદકી, સામાજિક બુરાઈથી લડી રહ્યો છું તે ચોકીદાર છે. જે પણ દેશના વિકાસ માટે કામ કરી રહ્યા છે તે ચોકીદાર છે. આજે દરેક ભારતીય કહી રહ્યા છે #MainBhichowkidar'.



પીએ મોદીએ ટ્વિટર પર ૩.૪૫ મિનિટનો વીડિયો રજૂ કર્યો છે. આ વીડિયોમાં સરકારના કામોને પણ દેખાડ્યા છે. વીડિયોના અંતમાં પણ ચોકીદાર મુહિમની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી

● અનુસંધાન પાન-૭ પર

# ન્યુઝીલેન્ડમાં હજુય નવ ભારતીયો લાપત્તા

નવી દિલ્હી,તા. ૧૬

ન્યુઝીલેન્ડમાં ક્રાઈસ્ટચર્ચની બે મસ્જિદોમાં ભીષણ ગોળીબાર કરવામાં આવ્યા બાદ ભારતીય મુળના નવ લોકો લાપતા થયેલા છે. સાથે સાથે બે લોકો ઘાયલ પણ થયા છે. ગોળીબારની ઘટનામાં ગઈકાલે ૪૯ લોકોના મોત થયા હતા. કોઈ પણ પ્રકારની સહાયતા અને જાણકારી માટે ન્યુઝીલેન્ડમાં ભારતીય હાઈ કમીશન ખાતે હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવી રહ્યા છે. હુમલામાં ઘાયલ થયેલા ભારતીય લોકોના પરિવારના સભ્યો માટે ન્યુઝીલેન્ડમાં વીઝા પણ જારી કરવામાં આવી રહ્યા છે. ન્યુઝીલેન્ડમાં ૩૦ હજારથી વધારે ભારતીય લોકો રહે છે. ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચ ખાતે બે મસ્જિદોમાં વણઓળખાયેલા હુમલાખોરે ગઈકાલે ભીષણ ગોળીબાર કરતા વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. આ ગોળીબારમાં ૪૯ લોકોના મોત થઈ ગયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા તમામ લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી દેવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ પહેલો હુમલો અલ નુર મસ્જિદમાં કરવામાં આવ્યો હતો.

# કોંગ્રેસ ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરશે

**જુદા જુદા રાજ્યોમાં ગઠબંધનને લઈ ટુંકમાં ફેંસલો : રાહુલ અને અન્ય નેતાઓની રેલીઓના કાર્યક્રમો તૈયાર : જનસંપર્ક અભિયાન ખાસ કરીને ડોર ટુ ડોર અભિયાન ચલાવાશે : ડાબેરી દ્વારા ઉમેદવારો જાહેર**



નવી દિલ્હી, તા. ૧૬

લોકસભા ચુંટણી માટે કાર્યક્રમની જાહેરાત થયા બાદ હવે રાજકીય પક્ષો આક્રમક તૈયારીમાં લાગી ગયા છે. વિપક્ષી કોંગ્રેસ નરેન્દ્ર મોદી સરકારની સામે પહેલાથી વધારે આક્રમક વલણ અપનાવવા માટે તૈયાર છે. પાર્ટી જુદા જુદા રાજ્યોમાં ગઠબંધનને વહેલીતકે આખરી ઓપ આપવાની સાથે સાથે ઝંઝાવતી ચુંટણી રેલી કરવાની તૈયારીમાં છે. હજુ સુધી ઉમેદવારોની ત્રણ યાદી કોંગ્રેસ તરફથી જાહેર કરવામાં આવી ચુકી છે. કોંગ્રેસ વહેલીતકે પોતાના ઉમેદાવારના નામ જાહેર કરવા માટે ઈચ્છુક છે. કોંગ્રેસની ચુંટણી રણનીતિથી વાકેફ રહેલા સૂત્રોએ કહ્યું છે કે આવનાર દિવસોમાં કોંગ્રેસ પ્રમુખ અને બીજા વરિષ્ઠ નેતાઓની સતત સભાઓ થશે.

● અનુસંધાન પાન-૭ પર

# અલકા લાંબા બિનશરતી કોંગેસમાં સામેલ થઈ શકે

નવી દિલ્હી, તા.૧૬

ચાંદની ચોકમાંથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અલકા લાંબા કોંગ્રેસમાં પરત ફરવા માટે ઈચ્છુક છે. કોઈપણ શરત વગર અલકા લાંબાની કોંગ્રેસમાં એન્ટ્રી થઈ શકે છે. કોંગ્રેસે પણ કહ્યું છે કે કોઈપણ શરત વગર તેમની પાર્ટીમાં વાપસી થશે. સૌથી પહેલા કોંગ્રેસ પાર્ટીમાં અલકા લાંબા સામેલ થશે. ત્યારબાદ આમ આદમી પાર્ટીના કેટલાક અન્ય ધારાસભ્યો પાર્ટીમાં પરત ફરી શકે છે. આને લઈને કોંગ્રેસના નેતાઓ અને આમ આદમી વચ્ચે વાતચીત ચાલી રહી છે. આમ આદમી પાર્ટને નબળી પાર્ટી તરીકે ગણાવીને અલકા લાંબાએ આકરા પ્રહાર કર્યા છે. આમ આદમી પાર્ટીના નેતૃત્વ દ્વારા ૨૧મી ડિસેમ્બર બાદથી અલકા સાથે કોઈ વાતચીત કરી નથી. કેટલાક મામલાઓને લઈને પાર્ટી નેતા અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદીયા અને ગોપાલ રાયને મળવાની ઈચ્છા અલકા લાંબાએ વ્યક્ત કરી હતી પરંતુ અલકા લાંબાને સમય અપાયો ન હતો.
















